| |
|---|
| **રાજકોટના મે. ત્રીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં**<br>**ન્યાયાધીશ શ્રી.એસ.ડી.હિંગુ** |
| ચુકાદા ની તારીખ: ૨૨/૦૫/૨૦૨૬<br>ક્રિમિનલ કેસ નં. ૧૫૩૪૮/૨૦૨૪<br>રાજકોટ આજીડેમ પો.સ્ટે. ગુ.રજી.નં. ૧૧૨૦૮૦૦૨૨૪૦૨૭૦/૨૦૨૪ |
| ગુનો આઇ.પી.સી.ની કલમ ૩૭૯ મુજબ |

| | |
|---|---|
| **ફરીયાદી** | ગુજરાત સરકાર |
| **ફરીયાદપક્ષના વકીલ** | વિદ્વાન એ.પી.પી.શ્રી પી.એસ.જોષી |
| **આરોપી** | **સાગર ઉર્ફે બાબુ હરજીભાઇ પરમાર**<br>રહે. મચ્છુનગર, રફાળેશ્વર ગામ, તા.જી. મોરબી |
| **આરોપીના વકીલ** | કલમ ૨૯૯ |

## :: કેસ કાર્યવાહીની મહત્વની તારીખો ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૦/૦૩/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૬/૦૭/૨૦૨૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | --- |
| પુરાવો શરૂ થયાની તારીખ | --- |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | --- |

## ::આરોપી ની વિગત::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારી | તહોમત | શું નિર્દોષ છોડ | કરવામાં આવેલ | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ખ | | યા / સજા કરી | સજા | ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
| ૧. | સાગર ઉર્ફે બાબુ હરજીભાઈ પરમાર | ૩૧/ ૦૩/ ૨૦૨૪ | ૧૬/ ૦૪/ ૨૦૨૪ | આઇ.પી. સી.ની કલમ ૩૭૯ | નિર્દોષ | – | – |

**:: જજમેન્ટ ::**

1. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૩૦/૦૩/૨૦૨૪ ના કલાક ૧૩–૦૦ થી ૧૭–૦૦ વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીનું હોન્ડા કંપનીનું સાઇન મો.સા. જેના રજી નં. જીજે–૧૩–એસી–૬૭૩૭ જે સને ૨૦૧૬ નું મોડેલ કિં.રૂ. ૩૦,૦૦૦/– ગણાય જે ઉપરોકત તારીખ સમય અને સ્થળેથી આ કામના આરોપીએ ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, તે મુજબની ફરીયાદ આજીડેમ પોલીસ સ્ટેશનમાં આપતા ઇન્ડીયન પીનલ કોડ(હવે પછી આઇ.પી.સી.થી ઉલ્લેખ કરેલ છે)ની કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધી તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી જરૂરી પુરાવો એકત્રિત કરીને તપાસના અંતે આરોપી સામે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩(૨)/બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩(૩) મુજબનું ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

2. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય ગુન્હો બનતો હોય,

ક્રી.પ્રો.કો.ની કલમ–૧૯૦(૧)(ખ)/બી.એન.એસ.એસ. ની કલમ –૨૧૦(૧) આધારે આઇ.પી.સી.ની કલમ ૩૭૯ મુજબના ગુન્હાનું સંજ્ઞાન લઈ ત્યારબાદ આરોપીને અત્રેની કોર્ટમાં હાજર રહેવા વારંવાર પ્રોસેસ કાઢવા છતા આરોપી લાંબા સમયથી કોર્ટ રૂબરૂ હાજર થયેલ નથી. જેથી કોર્ટ કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી આરોપી વિરુધધ કલમ ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

3. આ કામે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**:: ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ સાહેદનું લિસ્ટ ::**

**અ. ફરીયાદપક્ષના સાહેદ ::–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદની વિગત | આંક. |
|---|---|---|---|
| PW–1 | અશ્વીનભાઈ લાભુભાઈ પનારા | ફરીયાદી | ૦૫ |
| PW–2 | મનસુખભાઈ ધીરૂભાઈ મકવાણા | પંચસાહેદ | ૦૭ |

**બ. બચાવપક્ષના સાહેદ ::–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદની વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

**ક. કોર્ટના સાહેદ ::–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદની વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોનું લિસ્ટ ::–**

**અ. ફરીયાદપક્ષ ::–**

| ક્રમ | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદ |
| ૨. | ૦૮ | પંચનામુ |

**બ. બચાવપક્ષ ::–**

| ક્રમ | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| – | – | – |

**ક. કોર્ટે આપેલ આંક ::–**

| ક્રમ | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| – | – | – |

4. ફરીયાદપક્ષ તરફે ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ વિ.એ.પી.પી. દ્વારા પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરતા આ કામમાં પડેલ આરોપી વિરુધ્ધ કલમ ૨૯૯ મુજબ હુકમ થયેલ હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

5. આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા. ૩૦/૦૩/૨૦૨૪ ના કલાક ૧૩–૦૦ થી ૧૭–૦૦ વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીનું હોન્ડા કંપનીનું સાઇન મો.સા. જેના રજી નં. જીજે–૧૩–એસી–૬૭૩૭ જે સને ૨૦૧૬ નું મોડેલ કિં.રૂ. ૩૦,૦૦૦/– ગણાય જે ઉપરોકત તારીખ સમય અને સ્થળેથી આ કામના આરોપીએ ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, તે મુજબની ફરીયાદ આજીડેમ પોલીસ સ્ટેશનમાં આપતા આઇ.પી.સી. ની કલમ ૩૭૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

6. ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. **નકારમાં**

૨. આખરી હુકમ મુજબ

## –:: કારણો ::–

**મુદ્દા નં. ૧** :–

7. એવિડન્સ' શબ્દ લેટિન શબ્દ 'evidere' પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ સ્પષ્ટ રીતે દર્શાવવો, જોવા અથવા જોવા માટે સ્પષ્ટ કરવું, સ્પષ્ટપણે શોધવું, સ્પષ્ટપણે ચોક્કસ કરવું, ચોક્કસ કરવું, ખાતરી કરવી, સાબિત કરવું.

8. સર બ્લેકસ્ટોનના મતે, 'એવિડન્સ' એ દર્શાવે છે કે જે એક બાજુ અથવા બીજી બાજુએ તથ્યો અથવા મુદ્દાઓની સત્યતા દર્શાવે છે, સ્પષ્ટ કરે છે અથવા ખાતરી કરે છે. સર ટેલરના મતે, પુરાવાના કાયદાનો અર્થ છે દલીલ દ્વારા હકીકતની કોઈપણ બાબતને સાબિત અથવા ખોટી સાબિત કરવી. જેનું સત્ય ન્યાયિક તપાસમાં રજુ કરેલ છે.

9. તેમજ કોઈ પણ કેસ કે આક્ષેપ સાબિત કરવાની જવાબદારી બાબતે ભારતીય પુરાવા અધિનિયમની (હવે પછી ભા.પુ.અ. તરીકે સંબોધવામાં આવેલ છે) સબંધિત જોગવાઈ ધ્યાને લેવી હાલના તબક્કે ફળદાયક જણાય છે જે નીચે મુજબ છે.

101. **Burden of proof.** – Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

102. **On whom burden of proof lies.** – The burden of proof in a suit or proceeding lies on that person who

would fail if no evidence at all were given on either side.

10. ઉપરોક્ત જોગવાઈના સંદર્ભમાં, હકીકત સાબિત કરવાનો બોજ એ પક્ષ પર રહે છે જે હકારાત્મક મુદ્દાઓને ભારપૂર્વક સ્વીકારે છે અને નહીં કે જે પક્ષ તેને નકારે છે. સાબિતીનો આ બોજ ક્યારેય બદલાતો નથી, જોકે પુરાવાની જવાબદારી બદલાઈ શકે છે. સાબિતીનો બોજો અને પુરાવાની જવાબદારી વચ્ચેનો ભેદ દોરતાં, સુપ્રીમ કોર્ટે **Addagada Raghavamma** & **Anr. vs. Addagada Chenchamma** & **Anr.,**[1] માં ઠરાવેલ કે *the burden of proof lies upon a person who has to prove the fact and which never shifts. However, the onus of proof shifts. Such shifting of onus is a continuous process in the evaluation of evidence…*

11. તેમજ પુરાવાનું મુલ્યાંકન ભા.પુ.અ.ની કલમ ૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. ફોજદારી કાર્યવાહીમાં હકીકત પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે હકીકતો પુરવાર કરવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી, સિવાય કે કાયદામાં હકીકતોનું અનુમાન કરવાનું સુચવેલ હોય કે કોઈ હકીકત આરોપી દવારા સાબિત કરવાની સુચવેલ હોય.

12. આમ, પુરાવાના મુલ્યાંકન બાબતેના ઉપરોક્ત સિધ્ધાંતો અને સબંધિત જોગવાઈ ધ્યાન પર રાખી હાલના કેસમાં રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ દ્વારા આરોપી સામેનો ગુનો પુરવાર કરવા

1AIR 1964 SC 136

સૌપ્રથમ ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૫ થી PW–1 ફરીયાદીને તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવે છે કે, "હું પડધરી આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરું છું. મારી પાસે મારા ભાઇ અજયભાઇનું હીરોહોન્ડન સાઇન મો.સા. ૨૦૧૬ નું મોડેલ જેના રજી. નં. જીજે–૧૩–એસી–૬૭૩૭ છે તે વાપરુ છું. તા. ૩૦/૦૩/૨૦૨૪ ના રોજ ઉપરોકત મો.સા. બપોરના એક વાગ્યા આસપાસ મારા ઘરની પાસે માધવવાટીયા સોસાયટી શેરી નં. ૪ પાસે પાર્ક કરેલ અને હું ઘરમાં જતો રહેલ. ત્યારબાદ આશરે પાંચ સાડા પાંચ વાગ્યા આસપાસ હું ઘરની બહાર નીકળેલ ત્યારે મો.સા. મે જયાં પાર્ક કરેલ ત્યાં જોવા મળેલ નહી. જેથી આજુબાજુમાં તપાસ કરતા મારું આ મો.સા. કિં.રૂ.૩૦,૦૦૦/– વાળુ મને મળેલ નહી જેથી મે આ બનાવ બાબતે અજાણ્યા વ્યકિત સામે ફરીયાદ આપેલી. જે એફ.આઇ.આર. મને બતાવવમાં આવે છે જેમાં મારી સહી છે. જેને રજુ દા. આંક–૦૬ આપવામાં આવે છે. આરોપીને જોયે ઓળખતો નથી. મને મારું મો.સા. પરત મળી ગયેલ છે. મારે આ કેસ આગળ ચલાવવો નથી કે કોઇ સાક્ષી તપાસવા નથી."

13. ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૭ થી PW– ૨ ને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "આજથી બે વર્ષ પહેલા હું આજીડેમ પો.સ્ટે. પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે તૈયાર લખેલા પંચનામામાં પો.સ્ટે. બોલાવીને મારી સહી લીધેલી. પોલીસ સાથે મારે કોઇ જગ્યાએ જવાનો બનાવ બનેલો નથી. બનાવ વિશે હકીકત હું જાણતો નથી. મને આજરોજ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ–૧ તરીકે મારી સહી છે. જેને આ કામે રજુ દા.

આંક–૦૮ આપવામાં આવેલ છે."

14. આમ, રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આ કામના ખુદ ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે મારી ફરીયાદ અજાણી વ્યકિત સામે આપેલ છે. તેથી સદરહુ મુદામાલ વાહનનો ચોરી આરોપીએ જ કરેલ તે હકીકત સાબિત થતી નથી. આ સીવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદપક્ષ આરોપીને દોષિત ઠરાવવા માટે કોઈ આધારભૂત પુરાવો સામે લાવેલ ન હોય અને માત્ર આરોપી વિરુધ્ધ ચાર્જશીટ થવા માત્રથી આરોપીએ ગુનો કરેલ છે તેવું માની શકાય નહીં. આમ, આરોપી સામે આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેથી મુદા નં. ૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

- **આ કામના આરોપી સાગર ઉર્ફે બાબુ હરજીભાઇ પરમાર** રહે. મચ્છુનગર, રફાળેશ્વર ગામ, તા.જી. મોરબીનાઓને ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૪૮(૧)/બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧(૧) અન્વયે આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબના ગુનાના તહોમત સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામના આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૩૭ (ક) મુજબના ૫૦૦૦/–અપીલ સમય સુધીના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટરસાઈકલ અંગે જો કોઈ

વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ રાખવો અને શરતો રદ કરવી અન્યથા સદરહુ મુદ્દામાલ તેના મુળ માલીકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપી આપવો.

આજરોજ તારીખ ૨૨, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ચુકાદો જાહેર કર્યો.

**તારીખ : ૨૨/૦૫/૨૦૨૬**
**સ્થળ : રાજકોટ**

**(સ્મિત દિલીપભાઇ હિંગુ)**
**ત્રીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**જિલ્લો–રાજકોટ**
**UID No. GJ01607**